# વિમલવસહીની કેટલીક સમસ્યાઓ

આબૂ પર્વત પર સ્થિત દેલવાડાગ્રામનાં પાંચ જિનમંદિરોમાં, લોકજીભે "વિમળશાનાં દેરાં" તરીકે પરિચિત 'વિમલવસહી' અને "વસ્તુપાળ-તેજપાળનાં દેરાં"નામે ઓળખાતાં 'લૂણવસહી'નાં જગવિખ્યાત આરસી મંદિરો, વિશેષ મહત્ત્વપૂર્ણ છે. મંત્રીશ્વર તેજપાળ-વિનિર્મિત 'લૂણવસહી'ના કાળનો નિર્ણય તો તદ્વસતીના 'બલાનક'(પ્રવેશ-મંડપ)માં રહેલ પ્રશસ્તિલેખ તેમ જ દેવકુલિકાઓના લેખો પરથી નિર્વિવાદ થઈ જાય છે[૧] : પણ 'વિમલવસહી'ની રચના સમસ્યાપ્રદ છે. પ્રસ્તુત જિનાલયના દર્શને આવતો યાત્રી કે મુલાકાતી-પ્રવાસી-પૃથક્જન સારીયે સંરચનાને વિમલમંત્રીકર્તૃક હોવાનો ખ્યાલ ધરાવે છે. મંદિરના ભોમિયાઓ પણ વર્ષોથી તેવું જ સમજાવતા આવ્યા છે. પણ સાંપ્રતકાળે જોઈએ છીએ તે વિમલવસહીનાં બધાં જ અંગો વિમલમંત્રીના સમયનાં નથી. અગાઉ એનાં સમકાલીનતા અને એકકર્તૃત્વ વિશે કોઈ શંકા ઉઠાવાઈ નહોતી. એના કંડારમંડિત, આભૂષિત-શોભિત આરસી સ્તંભોનાં ઉપલક સમરૂપત્વ અને એકરંગત્વથી પ્રગટતી મરીચિકાના પ્રભાવ તળે, તેમ જ તેની આંતરસૃષ્ટિની પરમ શોભાની સંમોહિનીથી ભલભલા વિદ્વાનો પણ સંભ્રમમાં પડી સારીયે રચનાને વિમલમંત્રીના કાળની માનતા આવેલા[૨].

આજે તો અલબત્ત વિમલવસહિકાના પૃથક્ પૃથક્ ભાગો સમકાલીન ન હોવા અંગે કેવળ સંદેહ જ નહીં પણ પ્રતીતિ થવા જેટલી—આરંભિકથી વિશેષ કહી શકાય તેવી—પ્રગતિ થઈ ચૂકી છે. વિમલવસહીનો મહાન્ રંગમંડપ વિમલમંત્રીના સમયથી દોઢેક સદી બાદનો, એમના વરિષ્ઠ બંધુ નેઢના પ્રપૌત્ર મંત્રી પૃથ્વીપાલે કરાવ્યાની પૃથ્વીપાલના કુટુંબગુરુ વડગચ્છીય આચાર્ય હરિભદ્રસૂરિ રચિત અપભ્રંશ **નેમિનાથચરિઉ**ની પ્રશસ્તિના આધારે પ્રથમ નોંધ દા૦ રસિકલાલ પરીખે લીધી હતી[૩]. પણ તે મહત્ત્વપૂર્ણ નોંધ તરફ દુર્ભાગ્યે કોઈનું લક્ષ ગયું હોય તેમ લાગતું નથી[૪]. તે પછી બે'એક દાયકા બાદ દા૦ ઉમાકાંત શાહે એ જ મુદ્દા પર વિશેષ પ્રમાણો રજૂ કરી સૌનું ધ્યાન ખેંચવા પ્રયાસ કરેલો[૫].

વિમલવસહીનાં સ્થાપત્યનાં ઝીણવટભર્યાં સર્વેક્ષણ-નિરીક્ષણ-પરીક્ષણ અર્થે સન્ ૧૯૫૭ અને ત્યાર બાદ સન્ ૧૯૬૧ તેમ જ ૧૯૬૨માં દેલવાડાની મારી મુલાકાતો દરમિયાન એ મંદિર અનુલક્ષી કેટલીક બીજી પણ સમસ્યાઓ નજરે ચડી. એના ફલરૂપે, સ્થાપત્યના સૂક્ષ્માવલોકનથી તારવાતા મુદ્દાઓનો પ્રાપ્ત અભિલેખો અને વાઙ્મયનાં પ્રમાણો સાથે મેળ બેસાડી, તેનો યથાસંભવ ઉકેલ સૂચવવા પ્રયાસ કરતી તેમ જ દેલવાડાનાં સમસ્ત જિનમંદિરોનાં ઇતિહાસ અને કલા વિવેચતી એક પુસ્તિકા **દેલવાડાનાં દેહરાં** મેં ૧૯૬૩માં તૈયાર કરેલી.★

★ આ પુસ્તિકા હવે **કલાધામ દેલવાડા** શીર્ષક હેઠળ તાજેતરમાં પ્રકાશિત થઈ છે (અમદાવાદ ૧૯૯૮).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં વિમલવસહીના હાર્દમાં છુપાયેલી, વિદ્વદ્જનોને ઉપયોગી નીવડે એવી, સંબદ્ધ સંશોધનાત્મક સામગ્રી રજૂ કરવા વિચાર્યું છે.

મંત્રીશ્વર વિમલે નિર્માણ કરાવેલ જિનાલયમાં એમનો કે એમના સમયનો કોઈ જ લેખ મળી આવ્યો નથી. પ્રાપ્ત લેખોમાં જૂનામાં જૂનો લેખ દેવકુલિકા ક્રમાંક ૧૩માં સં૰ ૧૧૧૯-ઈ૰ સ૰ ૧૦૬૩માં શાંત્યામાત્યની પત્ની શિવાદેવીએ ભરાવેલ પ્રતિમાઓ છે[૬]; પણ તેમાં વિમલમંત્રી કે વિમલવસતીનો ઉલ્લેખ નથી, જો કે પરંપરાથી આ દેવાલય વિમલનિર્મિત મનાતું આવ્યું છે અને ૧૪મા-૧૫મા શતકના ગ્રંથોમાં આ મંદિરના નિર્માણ-સંબદ્ધ, દંડપતિ વિમલ અનુલક્ષિત દંતકથાનાં આલેખનો મળી આવે છે[૭].

પણ આ મંદિરનું નિર્માણ મૂળે મંત્રીશ્વર વિમલે કરેલું તેમાં સંદેહ ન રાખવા માટે ૧૨મા શતકના મધ્યભાગનાં બે'એક અભિલેખીય પ્રમાણો વિમલવસહીમાં જ મોજૂદ છે. જેમકે ત્યાં દેવકુલિકા ક્રમાંક ૧૦ની અંદર રહેલ મંત્રી પૃથ્વીપાલના પિતરાઈ શ્રે૰ દશરથના સં૰ ૧૨૦૧ / ઈ૰ સ૰ ૧૧૪૫ના પ્રશસ્તિલેખમાં મંત્રી વીરના પ્રથમ પુત્ર નેઢ વિશે કહ્યા પછી આગળ ચાલતાં કહ્યું છે કે "(વીરમંત્રીનો) બીજો દ્વૈતમતાવલંબિત દંડાધિપ વિમલ (નામનો પુત્ર) હતો, જેણે અહીં ભવસિંધુ પરના સેતુ સમાન ઊંચું (જિન) વેશ્મ કરાવ્યું."[૮] આ સિવાય દેવકુલિકા ક્રમાંક ૫ માં કેલ્હા-વોલ્હાદિ સૂત્રધારોએ ભરાવેલ જિન કુંથુનાથની પ્રતિમાના સં૰ ૧૨૦૨ / ઈ૰, સ૰ ૧૧૪૬ના લેખમાં તેની પ્રતિષ્ઠા "શ્રી વિમલવસતિકાતીર્થે" થયાનું સ્પષ્ટપણે જણાવ્યું છે[૯].

આ મંદિર દંડનાયક વિમલે કઈ સાલમાં બંધાવેલું તે વિશે કોઈ સોલંકીકાલીન અભિલેખીય કે વાઙ્મયિક પ્રમાણ તો હજી સુધી જડ્યું નથી : પણ તેના સં૰ ૧૩૬૮ / ઈ૰ સ૰ ૧૩૧૨માં થયેલા ભંગ પશ્ચાત્, સં૰ ૧૩૭૮ / ઈ૰ સ૰ ૧૩૨૨માં થયેલા જીર્ણોદ્ધાર સંબંધના પ્રશસ્તિલેખમાં, યુગાદિદેવનું આ મંદિર દંડાધિપ વિમલે વિ૰ સં૰ ૧૦૮૮ / ઈ૰ સ૰ ૧૦૩૨માં કરાવ્યાની નોંધ મળે છે[૧૦]. પ્રસ્તુત જીર્ણોદ્ધાર પછી થોડાક સમય બાદ જિનપ્રભસૂરિએ એમના **કલ્પપ્રદીપ** અંતર્ગત દીધેલા "અર્બુદાદ્રિકલ્પ"માં જીર્ણોદ્ધારની સાલ શ૰ સં૰ ૧૨૪૩ / ઈ૰ સ૰ ૧૩૨૨ આપવા ઉપરાંત મૂળ મંદિર દંડપતિ વિમલે વિ૰ સં૰ ૧૦૮૮ / ઈ૰ સ૰ ૧૦૩૨માં બંધાવ્યાનું સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે[૧૧]. આ સમયથી લઈ ૧૫મા શતક સુધીના કેટલાક પ્રબંધો, ચરિત્રાત્મક રચનાઓમાં આ જ મિતિ નિર્વિવાદ આપવામાં આવી છે. જેમકે રાજશેખરસૂરિના **પ્રબંધકોશ** (સં૰ ૧૪૦૫ / ઈ૰ સ૰ ૧૩૩૯) અંતર્ગત "વસ્તુપાલપ્રબંધ"[૧૨], **પુરાતન-પ્રબંધસંગ્રહ**માંની B સંજ્ઞક પ્રબંધાવલી—જેનો કાળ રત્નમંડનસૂરિરચિત **ઉપદેશતરંગિણી** (સં૰ ૧૪૬૧ / ઈ૰ સ૰ ૧૪૦૫) પૂર્વેનો હોવા વિશે સંપાદકે અટકળ કરી છે[૧૩]; તત્પશ્ચાત્ જિનહર્ષકૃત **વસ્તુપાલચરિત્ર** (સં૰ ૧૪૯૭ /

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ૰ સ૰ ૧૪૪૧)[૧૪], ને તે પછીનાં થોડાંક જ વર્ષમાં સોમધર્મ દ્વારા રચાયેલ **ઉપદેશસપ્તતિકા** (સં૰ ૧૫૦૩ / ઈ૰ સ૰ ૧૪૪૭)[૧૫] આદિ ગ્રંથોમાં પણ વિમલવસહીની સ્થાપનાની એ જ મિતિ બતાવી છે[૧૬]. આ સૌ પાછળના કાળનાં પણ ઢગલાબંધ પ્રમાણો જોતાં વિમલવસહીનું નિર્માણ ઈ૰ સ૰ ૧૦૮૮માં થવા બાબત શંકા કરવાને કોઈ જ કારણ નથી. ચૌદમા શતકના પ્રથમ ચરણમાં, જીર્ણોદ્ધારકોના સમયમાં, તેમ જ એમના સમકાલીન જિનપ્રભસૂરિની અર્બુદયાત્રા સમયે મંત્રીશ વિમલનો મૂળ પ્રશસ્તિલેખ મોજૂદ હશે[૧૭] તેમ જ તદ્વિષયક અન્ય પુરાણાં વાઙ્મયિક સાધનો પણ તે કાળે હજી ઉપલબ્ધ હશે જેના આધારે તેઓ, અને તેમને અનુસરીને ૧૫મા શતકના લેખકો, પ્રતિષ્ઠા-મિતિ સંબંધમાં આટલા નિશ્ચયપૂર્વક કહી શક્યા હશે.

વિમલ-વસતિકાનું વર્તમાન સ્વરૂપ આ પ્રકારે છે : કાળા પથ્થરના 'મૂલપ્રાસાદ' અને 'ગૂઢમંડપ', એને જોડાયેલાં આરસનાં 'મુખમંડપ' (નવચોકી) અને 'રંગમંડપ', એ સૌ ફરતી આરસી દેવકુલિકાઓરૂપી જિનાલયોના સમૂહથી સંયોજાતી પટ્ટશાલા સમેતની 'ભ્રમન્તી' (ભમતી); તે પછી આ બાવન-જિનાલયની સામે કાળા પથ્થરની 'હસ્તિશાલા', અને હસ્તિશાલાને બાવન જિનાલયની 'મુખચતુષ્કી' (મુખચોકી) સાથે જોડતો 'વિતાન'(છત)વાળો સાદો મંડપ : (જુઓ અહીં તળદર્શન).

મંત્રીશ્વર વિમલે કરાવેલ મૂળ વસતિકા આ પ્રમાણે હતી : મંદિર છે ત્યાં મૂળ ખડકાળ ભૂમિ જરા પૂર્વ અને દક્ષિણ તરફના ઢાળવાળી છે; એટલે જ્યાં જ્યાં ઢાળ નડ્યો હશે ત્યાં પૂરણી કરી, નીચી શી જગતી જેવું કરી લેવામાં આવ્યું. એ ભૂમિ પર ગર્ભગૃહયુક્ત મૂલપ્રાસાદ, ગૂઢમંડપ, રંગમંડપ, અને હસ્તિશાલાની રચના વિમલમંત્રીએ કરાવી; જ્યારે સોમધર્મના કથન અનુસાર "મોટા વ્યવહારીઓએ દેવકુલિકાદિક કરાવ્યું."[૧૮] સારુંયે બાંધકામ સાદાઈભર્યું અને કાળા પથ્થરમાં હતું. જે કંઈ થોડું લગાવેલું રૂપકામ હતું તે મોટા ભાગનું શ્વેત આરસમાં કરેલું[૧૯]. આમ કેમ બન્યું હશે ? ધનાઢ્ય મનાતા ને ચંદ્રાવતીશ ગણાતા મંત્રીશ્વરનું સમસ્ત મંદિર આરસનું અને અલંકારપૂર્ણ શા માટે નહોતું ? સંભવતયા સંચારવ્યવસ્થાની મુશ્કેલીઓને કારણે બાંધકામ માટેના મોટા કદના આરસના ખંડો નીચેથી ઉપર લઈ જવાનું હજી એ કાળે શક્ય નહીં બન્યું હોય; એથી જ તો કદાચ સ્થાનિક, કે પછી નજીકમાં મળતા કાળા પથ્થરથી, ચલાવી લેવું પડ્યું હોય; જ્યારે આરસી રૂપકામના ઘડેલા નાના નાના ટુકડાઓ ચંદ્રાવતીથી ઉપર લાવી લગાવ્યા હોય કે પછી આરાસણની ખાણમાંથી નાના નાના આરસી ખંડો ડુંગર ઉપર લઈ જઈ એના ઉપર ચંદ્રાવતીના શિલ્પીઓએ ત્યાં રૂપ ઘડ્યાં હોય[૨૦].

મંત્રીશ્વર વિમલે કરાવેલ જિનાલયનો કેટલોક ભાગ આજના સમયે હજુ કાયમ રહ્યો છે તે જોવા જોઈએ તો કાળા પથ્થરનો મૂલપ્રાસાદ નિશ્ચયતયા એ કાળનો જ છે તેમ તેની શૈલી પરથી જણાઈ આવે છે. મૂલચૈત્યનું તળ તેમ જ ઘાટડાં સાદાં છે. ઉપરના ભાગે શિખર કરવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે ભૂમિકાયુક્ત, ઘંટાવિભૂષિત સાદી 'ફાંસના' (તરસટ) કરી છે. 'નાગર' શિખર અહીં ન હોવાના કારણમાં એક અનુમાન એવું રજૂ કરવામાં આવ્યું છે કે ધરતીકંપથી બચાવવા આમ કર્યું હશે[૨૧]. આ તર્કને અલબત્ત સમર્થન સાંપડી શકતું નથી. આબૂમાં ભૂકંપના આંચકાઓ લાગતા હોત તો અત્યારે દેલવાડાનાં મંદિરો ઊભાં રહ્યાં ન હોત કે અત્યાર સુધીમાં તો ઘણું નુકસાન પામી ગયાં હોત[૨૨]. બીજી બાજુ જોઈએ તો ઉત્તર ગુજરાતમાં ૧૧મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં નિર્માયેલા ખેડબ્રહ્માના અંબિકા તેમ જ બ્રહ્માના પ્રાસાદો તેમ જ સિદ્ધપુર પાસેના કામળીગામના બ્રહ્માણીમાતાના મંદિર (૧૧મી સદીનો પૂર્વાર્ધ) પર લગભગ આવી જ ફાંસના કરી છે. ખુદ દેલવાડામાં કુમારીમાતાના મંદિર પર તેમ જ એક શિવાલય પર પણ આ પ્રમાણે ફાંસના જ કરેલી છે, જે નિશ્ચયતયા ૧૧મી શતાબ્દીની છે. આ સૌ, પ્રમાણમાં સાદાં મંદિરોના પ્રમાણો લક્ષમાં લેતાં 'નાગર-શિખર' ને બદલે 'ફાંસના' કરવાનો હેતુ કદાચ કરકસરનો હોઈ શકે. બીજી વાત એ છે કે વિમલવસહીનું મૂલચૈત્ય (તેમ જ લૂણવસહીનું પણ) નિરલંકૃત હોઈ, એને ૧૪મી શતાબ્દીના જીર્ણોદ્ધાર સમયનું ગણી કાઢવામાં આવ્યું છે[૨૩]. પણ અહીં આગળ જોઈશું તેમ આરસી બાંધકામ સોલંકીયુગમાં પાછળના સમયે, નોખા તબક્કે, થયેલું છે; અને મૂલપ્રાસાદ નિરાભરણ હોવા છતાં એની શૈલી ૧૪મી શતાબ્દીની નહીં પણ સ્પષ્ટતયા ૧૧મા સૈકાની જ છે. રાજસ્થાનમાં મુંગથલા, ઝાડોલી, અને નાડલાઈના (નેમિનાથના) સમકાલીન જૈન મંદિરોના મૂલગભારા પણ આવા જ સાદા પ્રકારે કરેલા છે[૨૪]; એટલું જ નહીં પણ અહીં તો મૂલપ્રાસાદના ત્રણે ભદ્રના ગોખલાઓની આરસની સપરિકર અસલી પ્રતિમાઓ હજી પણ એના મૂલસ્થાને પ્રતિષ્ઠિત છે. પ્રસ્તુત મૂર્તિઓના પરિકરોના સુડોળ લલિતભઙ્ગી ચામરધરો (ચિત્ર૰ ૧) અને અન્ય વિગતો ૧૧મા શતકના પૂર્વાર્ધની તક્ષણાનાં લક્ષણો પ્રગટ કરતા હોઈ નિઃશંક એ ઈ૰ સ૰ ૧૦૩૨, એટલે કે મંદિરની પ્રતિષ્ઠાના સમયના જ, ગણવા જોઈએ. એટલે મૂલપ્રાસાદ વિમલમંત્રીના સમયનો જ છે એમાં સંદેહને સ્થાન નથી. અંદર ગર્ભગૃહની દ્વારશાખા પ્રાચીન નથી તેમ જ મૂલચૈત્યની આરસની મૂલનાયક ઋષભદેવ ભગવાનની પ્રતિમા પણ ઈ૰ સ૰ ૧૩૨૨ના જીર્ણોદ્ધાર સમયની છે.

સદ્‌ભાગ્યે વિમલમંત્રીએ પ્રતિષ્ઠા કરાવેલ અસલી પ્રતિમા ભમતીના નૈર્ઋત્યખૂણે આવેલા ભાંડાગારમાં મોજૂદ છે. એને હાલ મુનિસુવ્રતસ્વામીની ૨૫૦૦ વર્ષ પુરાણી પ્રતિમા માનવામાં આવે છે. વિમલમંત્રીએ ચંપકવૃક્ષ નીચે દટાયેલી કાઢેલી પ્રતિમા તે આ જ, એવી પણ માન્યતા છે. પણ પ્રતિમાના ખંધોલા પર કેશવલ્લરી બતાવી હોઈ, તે જિન સુવ્રતદેવની નહીં પણ આદીશ્વરની માનવી ઘટે[૨૫]. શ્યામ પથ્થરના આ પ્રભાવશાળી અને મોટા ભામંડળવાળા વિશાળ જિનબિંબની શૈલી ૧૧મી શતાબ્દીનો પૂર્વાર્ધ દર્શાવતી હોઈ, તેમ જ તેનું માન ગભારાના માન સાથે બંધબેસતું હોઈ, વિમલમંત્રીએ કાળા પથ્થરમાં જ બનેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસતિકામાં મૂલનાયક તરીકે યુગાદિદેવની જે પ્રતિમા અધિવાસિત કરી હશે તે આ જ પ્રતિમા હોવી ઘટે. આટલી સુંદર અને મોટી પ્રતિમા જો ચંપકવૃક્ષ તળેની ભૂમિમાંથી પ્રગટ થઈ હોય તો તે વિશેષ મહિમાવંત ગણાય અને તો પછી એને અહીં ભંડારમાં સ્થાપિત કરવાને બદલે મૂલગભારામાં પ્રતિષ્ઠિત કરવામાં શું હરકત હોઈ શકે ? મંત્રીશ્વર વિમલે બંધાવેલ મૂલચૈત્ય કાળા પથ્થરનું હતું, આદિનાથને સમર્પિત હતું; આ પ્રતિમા પણ શ્યામશિલાની અને આદીશ્વરની જ છે અને શૈલીની દૃષ્ટિએ મંદિરની સ્થાપનાના કાળની જ છે, એ વાત પણ એને મૂલનાયકની પ્રતિમા હોવાની હકીકતને પૂર્ણતયા પુષ્ટિ આપી રહે છે. ૧૪મી-૧૫મી સદીના પ્રબંધોમાં મૂલનાયકની પ્રતિમા ધાતુની હોવાની વાત કહી છે[૨૬]; પણ પાછલા યુગના એ પ્રબંધકારોની અહીં કશીક ભૂલ થતી લાગે છે. વાસ્તવમાં તો ઈ૰ સ૰ ૧૩૨૨માં જીર્ણોદ્ધારકોએ આક્રમણ સમયે ખંડિત થયેલી આ પ્રતિમાને બદલી મૂલનાયકની નવી મૂર્તિ ગર્ભગૃહમાં બેસાડી અને એક વખતની ઉપાસ્ય અને પુનિત એવી આ અસલ પ્રતિમાનું વિસર્જન ન કરતાં અહીં ભાંડાગારમાં સુરક્ષા અર્થે મુકાવી જણાય છે.

(મંત્રીશ્વર વિમલના સમયની બીજી પણ બે ઉપાસ્ય પ્રતિમા હાલ વસહીમાં વિદ્યમાન છે. દેવકુલિકા ક્રમાંક ૨૧માં અંબિકાદેવીની ત્રણ પ્રતિમાઓ છે, જેમાંની મોટી તો મંત્રી વિમલના વંશજ હોવાનો દાવો કરનાર કોઈ ભાણે સં૰ ૧૩૯૪ / ઈ૰ સ૰ ૧૩૩૮માં ભરાવી છે[૨૭]. પણ બે નાની, લેખ વિનાની પણ અતીવ લાવણ્યમયી, ધમ્મિલમુકુટધારિણી અંબાની આરસની મૂર્તિની શૈલી ૧૧મા શતકના પૂર્વાર્ધની હોઈ, મંત્રીશ્વરના કાળની હોવી ઘટે[૨૮]. વિમલમંત્રી અંબિકાના પરમ ભક્ત હોવાની વાત પ્રબંધોમાં અને લોકોક્તિમાં ખૂબ જાણીતી છે.)

વિમલચૈત્યના મૂલપ્રાસાદને જોડેલો કાળા પથ્થરનો અને સહેજ નીચેરી ફાંસનાવાળો ગૂઢમંડપ પણ મંત્રીશ્વરના સમયનો છે; પણ તેનાં ઉત્તર-દક્ષિણ મુખનાં આરસી દ્વારો અને પાર્શ્વચતુષ્કીઓ (પડખા-ચોકીઓ) એ સમયનાં નથી; ને ગૂઢમંડપના મોઢા આગળનો મુખમંડપ (નવચોકી) પણ વિમલવિનિર્મિત નથી. એ મુખમંડપ અને આનુષંગિક ભાગ કદાચ વિમલના (લઘુ ?) ભ્રાતા ચાહિલ્લે ઉમેર્યો હોય તેમ જણાય છે. ઉપદેશસપ્તતિકાર સોમધર્મે ભ્રાતા ચાહિલ્લે મંડપાદિક કરાવ્યાની નોંધ લીધી છે[૨૯]. એક અન્ય પ્રબંધમાં વિમલપુત્ર ચાહિલ્લે રંગમંડપ કરાવ્યાનો ઉલ્લેખ છે[૩૦]. પણ આ છેલ્લા પ્રબંધકારે આ સંદર્ભે બે ગોટાળા કર્યા છે. એક તો એ કે રંગમંડપ મંત્રી પૃથ્વીપાલે કરાવ્યાનાં ઘણાં મજબૂત પ્રમાણો છે; બીજી વાત એ કે ચાહિલ્લ વિમલનો પુત્ર નહીં પણ ભ્રાતા હતો (મોટે ભાગે લઘુભ્રાતા). આ ચાહિલ્લના પ્રપૌત્ર નરસિંહના, અગાઉ અનુલક્ષાયેલ ઈ૰ સ૰ ૧૧૪૪ના પ્રતિમાલેખમાં, જે વંશાવળી છે તેમાં ચાહિલ્લને 'વિમલાન્વયે' કે 'વિમલસૂનુ' ન કહેતાં તેને 'વીરસંતાને' કહ્યો છે[૩૧] અને તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમ વીરમંત્રીના વંશમાં આ પ્રમાણે આવે છે : (જુઓ લેખાંતે વંશવૃક્ષ). એક સંભવ એવો છે કે ચાહિલ્લે કરાવેલ ત્રિકમંડપ (છ ચોકી) અને રંગમંડપ પણ કાળા પથ્થરના હોય અને તેને ૧૨મા શતકના મધ્યભાગના આરસામાં પૃથ્વીપાલ મંત્રીનાં બાંધકામો સમયે કાઢી નવેસરથી આરસમાં રચ્યાં હોય.

હવે વિમલમંત્રીને પુત્ર હતો કે નહીં તે વાત વિશે વિચારતાં તે મુદ્દો વિવાદાસ્પદ જણાય છે. દેશાઈ નોંધે છે કે[૩૨] "વિમલ અપુત્ર મરણ પામ્યો એવી કથા, સામાન્ય માન્યતા, છે. તે સત્ય હોય તેમ પાકે પાયે કહી શકાતું નથી, કારણ કે વિમલના પછીની વંશાવલી મળતી નથી. કેવળ એક લેખ તેના ઉક્ત મંદિરમાં અંબાજીની મૂર્તિ પર સં૰ ૧૩૯૪નો મળે છે કે જેનો આશય એવો છે કે 'મહં. વિમલાન્વયે' એટલે વિમલના વંશજ અભયસિંહના પુત્ર જગસિંહ, લખમસિંહ અને કુરસિંહ થયા તથા જગસિંહનો પુત્ર ભાણ થયો. તે સર્વેએ મળી વિમલવસહીમાં અંબાજીની મૂર્તિ સ્થાપિત કરી."[૩૩] વિમલમંત્રી અપુત્ર હોય કે ન હોય પણ એ વાત ખરી છે કે ચાહિલ્લ તેમનો પુત્ર નહીં પણ ભ્રાતા હોવો જોઈએ. મંત્રી પૃથ્વીપાલના કે એમના પિતરાઈ હેમરથ-દશરથના લેખમાં, કે હરિભદ્રસૂરિની પ્રશસ્તિઓમાં ચાહિલ્લનો નેઢ-વિમલ સાથે એનો ઉલ્લેખ નથી એ વાત સાચી, પણ પ્રસ્તુત લેખોના સમકાલીન, ઉપર કથિત નરસિંહના લેખમાં ચાહિલ્લને સ્પષ્ટ રીતે 'વીરમંત્રી સંતાને'કહ્યો છે તેથી તે વીરમંત્રીનો પુત્ર અથવા ઓછામાં ઓછું વીરમંત્રીના વંશમાં થયાનું સિદ્ધ થાય છે. હવે ધારો કે તે વીરમંત્રીનો પુત્ર ન હોય તો પ્રપૌત્ર તો હોવો જોઈએ. નરસિંહે ઈ૰ સ૰ ૧૧૪૪માં પ્રતિમા પ્રતિષ્ઠાવી ત્યારે તે જુવાન હોય તો તેના સમયથી ચાહિલ્લ પચાસેક વર્ષ પહેલાં થયેલો માનીએ તો તે વીરમંત્રીનો પ્રપૌત્ર હોવાની સંભાવના રહે; પણ જો નરસિંહની ઉંમર તે સમયે મોટી હોય તો ચાહિલ્લનો કાળ લગભગ ૧૦૭૦ અને તેથી પૂર્વનો ઠરે; અને એ અન્વયે તે વીરનો પુત્ર અને વિમલનો બંધુ ઠરે તેમ જ સમયની દૃષ્ટિએ તે વિમલનો નાનો ભાઈ હોવાનું (અને વીરમંત્રીને બીજી સ્ત્રી હોય તો સાવકો ભાઈ હોવાનું) સંભવિત માની શકાય. સોમધર્મે તો ચાહિલ્લને વિમલનો ભાઈ જ માન્યો છે.

પંદરમા શતકના પ્રબંધકારો વિમલ સાથે લોહીની સગાઈ ધરાવનાર ચાહિલ્લ તેમ જ તેણે વિમલવસહી મંડપ (પછી ભલે રંગમંડપ નહીં તો મુખમંડપ) કરાવ્યો એવી વાતથી વાકેફ હતા. સમકાલીન પ્રમાણ ન હોવા છતાં આ નોંધ વિમલવસહીના ઇતિહાસમાં મહત્ત્વની પ્રકાશકણી બની રહે છે.

હવે પ્રશ્ન એ છે કે વિમલવસહીનો 'મુખમંડપ' ચાહિલ્લે કરાવ્યો તેમ કહી શકવા માટે અન્ય આધાર શું છે[૩૪]. પ્રસ્તુત તર્ક કરવા માટે વાસ્તવમાં છએક જેટલાં પ્રમાણો છે : (૧) મુખમંડપના સ્તંભોનું મંત્રી પૃથ્વીપાલે ઉમેરેલ રંગમંડપના સ્તંભોથી (બન્ને એક જાતિના હોવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં) પ્રમાણૌચિત્ય, સુડોળત્વ, આભૂષાના પ્રાચુર્ય અને તેના સંઘટનમાં છતો થતો વિવેક તેમ જ તદ્દ્ અલંકરણની વિગતોનું સાપેક્ષ દૃષ્ટિએ અવલોકતાં ચઢિયાતાપણું (ચિત્ર ૨); (૨) મુખ-મંડપના સ્તંભોના કંડાર અને આકારની કર્ણદેવ(ઈ૰ સ૰ ૧૦૬૫-૧૦૯૫)ના સમયના હોવાનો સંભવ દર્શાવતા, મોઢેરાના વિખ્યાત નૃત્યમંડપના સ્તંભોનાં આકાર-પ્રસ્તાર અને અલંકારલીલાની સાથે સમતા; (૩) સ્તંભો પરના પાટના તળિયે કરવામાં આવતાં 'કમલ'ના રાબેતા મુજબના સુશોભનને સ્થાને ઉત્તર બાજુના પાટોમાં ચક્રવ્યૂહમાં 'નરરૂપો' કાઢેલાં છે, જે નાડલાઈના તપેશ્વરના મંદિરમાં પાટડા નીચે કોરેલ એવા પ્રકારના સુશોભનનું સ્મરણ કરાવે છે+. તપેશ્વરના કહેવાતા એ મંદિરનો નિર્માણકાળ ૧૧મી શતાબ્દીના પ્રથમ ચરણનો છે.[૩૫] વિમલવસહીનું પ્રસ્તુત સુશોભન કલાની દૃષ્ટિએ ઊતરતું છે તેમ જ રૂપકામનો ઢંગ નાડલાઈથી થોડો પાછોતરો કાળ સૂચવી જાય છે : ઊલટપક્ષે આ શોભન ૧૨મી શતાબ્દીના કોઈ પણ બાંધકામમાં જોવા મળતું નથી. (૪) મુખમંડપની મધ્યમાં રહેલા 'નાભિચ્છંદ'અને 'પદ્મનાભ'જાતિનાં વિતાનોની કુંભારિયાના મહાવીર જિનાલય (સં૰ ૧૧૧૮ / ઈ૰ સ૰ ૧૦૬૨)ની છચોકીના મધ્યમાં રહેલા 'નાભિચ્છંદ' અને 'પદ્મનાભ' વિતાનો સાથે રીતિ અને રૂપનું સામ્ય; (સરખાવો અહીં ચિત્ર ૩, ૪ સાથે ૫)[૩૬]; ૧૨મી સદીમાં એવાં વિતાનો થયાનાં આમ તો પ્રમાણો નથી; (૫) મુખમંડપ જ્યાં પૂરો થાય છે ત્યાં પૃથ્વીપાલના સમયમાં ત્રણ ચોકીપદ વધારી મુખમંડપનું નવચોકીમાં પરિવર્તન કરવામાં આવ્યું છે તે સંધાન પછીના પાટડા અને સ્તંભોની શૈલી, તેમ જ સાંધો કરેલ છે તે ઠેકાણું—સંધિસ્થાન—ઝીણી નજરે જોતાં જુદાં તરી આવે છે (૬) એ જ રીતે મુખમંડપના મોઢા આગળ વધારેલી ચોકીઓનાં વિતાનોની શૈલી અને પ્રકાર મુખમંડપમાં રહેલાં વિતાનોની મુદ્રા અને ભંગિથી નોખાં જણાય છે. મૂલચૈત્ય અને ગૂઢમંડપથી પથ્થરની જાતમાં જુદા પડી જતા અને શૈલીની દૃષ્ટિએ તેનાથી પ્રમાણમાં અર્વાચીન, પથ્થરની જાતમાં રંગમંડપ સાથે એકત્વ ધરાવનાર પણ શૈલીની દૃષ્ટિએ ભિન્ન અને તેનાથી પ્રાચીન, ને છેલ્લે સ્થાપત્ય-પરીક્ષણની દૃષ્ટિએ રાજા ભીમદેવનાં અંતિમ વર્ષોથી લઈ કર્ણદેવના શાસનના મધ્યકાળ સુધી એટલે કે ૧૧મી સદીના ત્રીજા ચરણમાં નિર્માયેલ હોય તેવા આ મુખમંડપના કારાપક તરીકે પ્રબંધોની સાક્ષીના આધારે ચાહિલ્લ—કે જેની ઐતિહાસિકતા તેમ જ વિમલ સાથેનો સંબંધ શિલાલેખથી નિશ્ચિત થાય છે—ને માનવામાં અવરોધ કરે તેવો કોઈ મુદ્દો આ પળે આમ તો દેખાતો નથી. (છતાં આ મુદ્દા પર આગળ અહીં વિશેષ કહેવાનું થશે.)

મુખમંડપ પછી આવતો રંગમંડપ મંત્રી પૃથ્વીપાલે કરાવેલો તેનાં દા૰ પરીખે આપેલાં તેમ જ દા૰ શાહે એકત્ર કરેલાં પ્રમાણો વિશે આગળ કહેવાઈ ગયું છે[૩૭]. વિમલના જ્યેષ્ઠ બંધુ

---

+ મૂળ **સ્વાધ્યાય**માં છપાયેલા લેખમાં તે ચિત્ર ૩ રૂપે છપાયું છે. પ્રસ્તુત તસવીર ફરીથી ન મળી શકતાં અહીં તે શોભન બતાવી શકાયું નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેઢના પ્રપૌત્ર પૃથ્વીપાલ ગૂર્જરેશ્વર મહારાજ કુમારપાલના મંત્રીમંડલના સદસ્ય હતા. એમણે કરાવેલ સુકૃત્યોના ઉલ્લેખો એમના ગુરુ હરિભદ્રસૂરિએ રચેલ ગ્રંથોની પ્રશસ્તિઓમાંથી પ્રાપ્ત થયા છે. મંત્રીવર્ય પૃથ્વીપાલે સ્વમાતૃ પદ્માવતીની પુણ્યવૃદ્ધિ માટે અણહિલ્લવાડ-પાટણના પુરાતન 'વનરાજવિહાર'નો રંગમંડપ કરાવેલો તેમ જ ત્યાં પૂર્વજ નિન્નયે કરાવેલ ઋષભદેવના મંદિરનો રંગમંડપ પણ કરાવેલો : એ જ પ્રમાણે નિન્નયે ચંદ્રાવતીમાં બંધાવેલ જિનભવનમાં માતૃપક્ષીય માતામહીના શ્રેયાર્થે રંગમંડપ કરાવ્યો હતો. આ સિવાય માતા પદ્માવતીના પિતા બોલ્હણના કલ્યાણ માટે રોહમંડલના સાયણવાડપુરમાં શાંતિનાથનું મંદિર કરાવેલું; પાલી(પલ્લિકાગ્રામ)ના દશમા શતકના ત્રીજા પ્રહરમાં બંધાયેલા વીરનાથના ચૈત્યમાં અનંતનાથની પ્રતિમા સં૰ ૧૨૦૧ ઈ૰ સ૰ ૧૧૪૫માં મુકાવી, ઇત્યાદિ[૩૮]. આટલાં સ્થાપત્યો આદિ નિર્માવનાર, સુકૃત કરાવનાર મંત્રીશ પોતાના પૂર્વજના બંધુ વિમલના આબૂ પરના મંદિરને કેમ ભૂલે ? મંત્રીએ અહીં ઈ૰ સ૰ ૧૧૪૪ આસપાસ તીર્થોદ્ધારના કાર્યને આરંભ કર્યો. ચૌદમી દેવકુલિકા લેખ અનુસાર ઈ૰ સ૰ ૧૧૫૦માં તે કામ પૂરું થયું લાગે છે[૩૯]. આ તીર્થોદ્ધાર મંદિરના કોઈ ખંડન-ભંજનના પ્રસંગ બાદ કરવામાં આવ્યો હોય એવાં કોઈ ઐતિહાસિક કે આંતરિક પ્રમાણો ઉપલબ્ધ નથી[૪૦]. એનો હેતુ તો વિમલવસહીની ભીતરી કાળા પથ્થરની સાદી અનુઠાવદાર બાંધણીને, જરૂરી લાગ્યું ત્યાં, દૂર કરી, સંગેમરમરના પથ્થર વાપરી, તેના પર વિપુલ કારિગરી કરાવી, શોભાસંપન્ન બનાવી, વસહીના આયોજનને વ્યવસ્થિત અને દેખાવડું કરવા પૂરતો જ હશે. પૃથ્વીપાલે વિમલભવનમાં શું શું કરાવ્યું તે વિશે જોઈએ તો એમનું સૌથી મહત્ત્વનું કાર્ય તો હતું રંગમંડપના નિર્માણનું. અણહિલ્લપુરના બે પૃથક્ પૃથક્ જિનાલયોમાં અને ચંદ્રાવતીના જિનમંદિરમાં તેમણે રંગમંડપ કરાવેલા જે હકીકત ઉપરથી એમ જણાય છે કે રંગમંડપો બંધાવવા તરફ તેમની વિશેષ રુચિ હતી, જેને માટે વિમલવસહીમાં અવકાશ હોઈ તેઓ અનાયાસે તેમ કરવા પ્રેરાયા હશે.

આ રંગમંડપના અલંકરણમાં આવતાં રૂપકામને દા૰ શાહે ૧૨મા શતકનું અને કુમારપાળયુગ(ઈ૰ સ૰ ૧૧૪૪-૧૧૭૪)નું યોગ્ય રીતે જ માન્યું છે. સ્થાપત્યની દૃષ્ટિએ-સ્તંભના માન-પ્રમાણ, આકૃતિ, ભૂષા-વિન્યાસ, પટ્ટ પરનો કંડાર અને મહાવિતાનના 'ગજતાલુ-કોલ'નો છંદવિલાસ અને તેમના આકાર-પ્રકાર નિશ્ચયતયા કુમારપાળના સમયના છે. માત્ર વિતાન વચ્ચોવચ્ચનું લંબન કંઈક અંશે (આકાર પૂરતું) ૧૧મી સદીની પરંપરાને અનુસરતું લાગે છે (ચિત્ર ૧૨)[૪૧].

આ મંડપ વિમલના સમયનો નથી પણ બાદનો છે તેવું એક પ્રમાણ મંદિરના તાજેતરમાં થયેલા જીર્ણોદ્ધારના પ્રધાન સ્થપતિ, સોમપુરા શિલ્પી શ્રી અમૃતલાલ ત્રિવેદીએ શોધ્યું છે. રંગમંડપની છો બેસતી જતી હોવાનું જણાતાં તેનું સ્તર ઊંચું લાવવા સમારકામાર્થે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોની ઊંચકાવેલી આરસી લાદીઓ નીચેથી અગાઉના સમયના રંગમંડપના સ્તંભોની કાળા પથ્થરની પડઘલીઓ પ્રકાશમાં આવેલી; નિઃશંક આથી વર્તમાન આરસી મંડપ બાદનો બનેલો, અને વાઙ્મયિક તેમજ શિલ્પ-સ્થાપત્યનાં નિર્વિવાદ પ્રમાણોના આધારે મંત્રી પૃથ્વીપાલ-કર્તૃક ઠરે છે, એટલું જ નહીં પણ પૂર્વે, સંભવતયા વિમલમંત્રીના સમયમાં પણ, રંગમંડપ હતો અને તે મૂલપ્રાસાદ અને ગૂઢમંડપના કામની જેમ કાળા પથ્થરનો હતો તેવું પણ સિદ્ધ થાય છે.

આ સ્થળે સવાલ એ ઊભો થાય છે કે ચાહિલ્લે આરસી મુખમંડપ કરાવ્યો તે અગાઉ ત્યાં શું રચના હશે અને મોઢા આગળના રંગમંડપ સાથે તેનું જોડાણ કેવી રીતે હશે. ચાહિલ્લે કરાવેલ ફેરફાર પહેલાંનો મુખમંડપ પણ બાકીનાં કામ સાથે સુસંગત રહેવા કાળા પથ્થરનો જ હોવાનો સંભવ છે. અગાઉ કહ્યું તેમ પૃથ્વીપાલના સ્થપતિઓએ રંગમંડપને મુખમંડપ સાથે જોડવા ત્રણ ચોકીપદો વધારેલા. વિમલના સમયનો રંગમંડપ મુખમંડપથી છૂટો હતો કે જોડાયેલો, અને ચાહિલ્લના સમયમાં મૂળ કાળા પથ્થરની છ ચોકી દૂર કર્યા બાદ નવા આરસી મુખમંડપને કાળા પથ્થરના રંગમંડપ સાથે જોડી દીધેલો કે કેમ તે વિશે આજે એકદમ નિશ્ચયપૂર્વક કહેવું તો મુશ્કેલ છે. જે કંઈ પ્રમાણો હશે તે પૃથ્વીપાલના સમયમાં નષ્ટ થયાં છે, યા તો સંગોપન પામ્યાં છે. બીજી રીતે વિચારતાં એમ કહી શકાય કે વિમલે નહીં પણ ચાહિલ્લે કાળા પથ્થરની નવચોકી અને રંગમંડપ બનાવ્યાં હોય અને હાલની આરસની નવચોકીનું કંડાર કામ, જે રંગમંડપથી જૂનું જણાય છે, તે મંત્રી પૃથ્વીપાલના સમયમાં વૃદ્ધ કારીગરોએ જૂની પરંપરા (૧૧મીના ઉત્તરાર્ધની) પ્રમાણે કર્યું હોય.

નવચોકી બનાવવા ત્રણ પદો વધારવાની સાથે એ મુખમંડપમાં ચઢવા માટેની ત્રણ સોપાનમાલાઓ પણ પૃથ્વીપાલના સમયમાં નવેસરથી બનાવી હોય તેમ લક્ષપૂર્વક જોતાં, ખાસ કરીને 'શુણ્ડિકાઓ'(હાથણીઓ)નાં પગથિયાં આજુબાજુ કોરેલ રૂપના અભ્યાસથી અનુમાન પર આવવા પ્રેરણા થાય છે.

મંત્રી પૃથ્વીપાલ આટલું જ કરાવી અટકી નથી ગયા. કેટલીક દેવકુલિકાઓ તેમણે કરાવી હોવાનું અને બીજી કેટલીક તેમની પરવાનગી અને પ્રેરણાથી સગાસંબંધીઓ દ્વારા તે જ સમયે નિર્મિત થઈ હોવાનું પ્રતિમાલેખોથી પુરવાર થઈ શકે છે. વિમલના સમયની એક પણ દેવકુલિકા વસહીમાં નથી. એનો અર્થ એમ થાય કે વિમલમંત્રીના સમયમાં હજી દેવકુલિકાઓ ઉમેરાઈ નહીં હોય, યા તો તે કાળા પથ્થરની હશે, જેથી જીર્ણોદ્ધારકોએ દૂર કરી તેને સ્થાને આરસની દેવકુલિકાઓ રચી હોય; કદાચ મંદિર મૂળે બાવન-જિનાલયને બદલે ચતુર્વિંશતિ જિનાલયના રૂપમાં હોય : પણ તો સવાલ એ ઊભો થાય છે કે દેવકુલિકાઓનું પૃથ્વીપાલના સમયમાં જીર્ણોદ્ધાર સમયે નવનિર્માણ થાય તો પણ જૂની પ્રતિમાઓ તો તેમાં ફરીને પધરાવવી ઘટે, પધરાવેલી હોવી જોઈએ; કંઈ નહીં તો યે તેવો તર્ક તો કરી શકાય; જ્યારે વાસ્તવમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવકુલિકાઓમાં કે ત્યાં અન્યત્ર એક પણ પ્રતિમાલેખ વિમલમંત્રીના સમયનો મળ્યો નથી. આથી તારવણી તો એમ નીકળે કે મંત્રીશ્વર વિમલના સમયમાં દેવકુલિકાઓ બંધાઈ જ નહોતી. તો પછી 'સોમધર્મ' વિમલવસહીની પ્રતિષ્ઠા અને ચાહિલ્લ ભ્રાતાએ મંડપ કરાવ્યાની વાત સાથે "મોટા વ્યવહારીઓએ દેવકુલિકાદિક કરાવ્યું" તેવું નોંધે છે તેનું શું ? વાત એમ છે કે સોમધર્મ છેક ૧૫મા શતકમાં જે કંઈ લખે છે તેની પ્રમાણભૂતતા ખૂબ ચોકસાઈભરી તપાસણીમાં ટકી રહે તો જ સ્વીકારવી જોઈએ. વિમલવસહીમાં પૃથ્વીપાલ પૂર્વેના કેવળ પાંચ જ પ્રતિમાલેખો મળ્યા છે : એક તો આગળ સંદર્ભ અપાઈ ગયો છે તે શાંત્યમાત્યનો સં૰ ૧૧૧૯ / ઈ૰ સ૰ ૧૦૬૩નો; ત્યારબાદ આવે છે સં૰ ૧૧૩૧ / ઈ૰ સ૰ ૧૦૭૫, સં૰ ૧૧૪૩ / ઈ૰ સ૰ ૧૦૮૭, સં૰ ૧૧૮૬ / ઈ૰ સ૰ ૧૧૩૦, અને સં૰ ૧૧૮૭ / ઈ૰ સ૰ ૧૧૩૧ના ચાર લેખો[૪૨]. આ પાંચ પૈકીના પહેલા કહ્યા તે ત્રણ ૧૧મી સદીના ઉત્તરાર્ધના છે અને છેલ્લા બે ૧૨મી સદીના દ્વિતીય ચરણના. વિશેષમાં કોઈ પણ એક જ મિતિના નથી, પણ એક બીજા વચ્ચે સારો એવો સમયનો ગાળો રહેલો છે. આથી વિમલમંત્રી અને મંત્રી પૃથ્વીપાલ વચ્ચેના ગાળામાં દેવકુલિકા-નિર્માણની ક્રિયા સિલસિલાબંધ ચાલી હતી, અને ચતુર્વિંશતિ જિનાલયનું નિર્માણ વિમલના સમયે નહીં તો પછીનાં પચાસ-પોણોસો વર્ષમાં થઈ ચૂકેલું તેમ પણ કહી શકાય તેમ નથી. ભમતીની દેરીઓમાં દ્વારશાખાઓ અને તેમનાં ચોકીઆળાંના સ્તંભ, પાટ, અને વિતાનોનું નિરીક્ષણ કરતાં તેમાંનું કશું ૧૧મી સદીનું હોય તેમ જણાતું નથી. સંભવ છે કે આ ચારે પ્રમાણમાં જૂની પ્રતિમાઓ વિમલવસહીમાં અન્યત્ર (ગૂઢમંડપ, મુખમંડપના ખત્તકો, ગર્ભાગાર ઇત્યાદિમાં) સ્થાપેલ હશે અને પૃથ્વીપાલે જીર્ણોદ્ધારસમયે તેને માટે દેવકુલિકાઓ કરી તેમાં તે સૌ અનુક્રમે તેમાં પધરાવવામાં આવી હોય. ખરેખર શું બન્યું હશે તે એકદમ નિશ્ચયપૂર્વક કહેવું કઠિન છે; કલ્પી શકાય તેવાં સૂચનોથી અતિરિક્ત, બીજું કંઈ આજે તો બની શકે તેમ નથી. આ પાંચમાંથી પહેલી બે પ્રતિમાઓ ચાહિલ્લના મુખમંડપના સંભાવ્ય નિર્માણકાળ લગોલગની મિતિ ધરાવે છે; અને બીજી ત્રણ ચાહિલ્લના કાળ બાદની છે. ચાહિલ્લ અને મંત્રી પૃથ્વીપાલ વચ્ચેના ગાળામાં વિમલવસહીમાં કોઈ સુધારા-વધારા થયાનું પ્રમાણ હાલ તો ઉપલબ્ધ નથી.

રંગમંડપ અને ફરતી કેટલીક દેવકુલિકાઓ તૈયાર થઈ ગયા બાદ પૃથ્વીપાલના સ્થપતિઓનું બીજું કાર્ય તેમનું અરસપરસ સંયોજન કરવાનું હતું. તેમાં સૌ પ્રથમ તો પૂર્વે પ્રવેશ તરફના મુખાલિંદ ભાગનું જોડાણ કર્યું હશે. અહીં સંધાન-ચોકીઓમાં શિલ્પીઓએ ૧૨મા શતકના સર્વોત્તમ કોટિનાં વિતાનોની જોડી ગોઠવી છે[૪૩] (ચિત્ર ૧૧). ત્યારબાદ ઉત્તર બાજુના પાર્શ્વાલિંદને પણ ત્રણ ત્રણ સંધાન-ચોકીઓ ઊભી કરી ભમતીનું રંગમંડપ સાથે જોડાણ કરી દીધું છે. આમાં દક્ષિણ બાજુના સંધાનનાં વિતાનોમાંનાં બે મહત્ત્વપૂર્ણ છે. ત્યાં આગલી હરોળની વચલી ચોકીનો જે વિતાન છે તેમાં દેવી સરસ્વતીની પ્રતિમા કંડારી છે. શારદાની આજુબાજુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે નામોલ્લિખિત સૂત્રધારો—લોયણ અને કેલા—ની અંજલિબદ્ધ, આરાધના કરતી મૂર્તિઓ બતાવી છે. આ સૂત્રધારો મંત્રી પૃથ્વીપાલે રોકેલા પ્રધાન સ્થપતિઓ હોવાનો તર્ક ડા૦ ઉમાકાંત શાહે કર્યો છે[૪૪]. આ અંગે જોઈએ તો પાંચમી દેવકુલિકાના અગાઉ સંદર્ભ આપેલો હતો તે જિન કુંથુનાથની પ્રતિમાના ઈ૦ સ૦ ૧૧૪૬ના તુલ્યકાલીન લેખમાં કારાપકોના ચાર સૂત્રધારોનાં નામોમાં લોયણ અને કેલાનાં નામ મળી આવતાં હોઈ, પ્રસ્તુત સૂત્રધારોની મંત્રી પૃથ્વીપાલના તીર્થોદ્ધાર કાળમાં વિદ્યમાનતા સિદ્ધ થઈ જાય છે. સૂત્રધારોનો ધર્મ તો હશે શૈવ, પણ જિનમંદિર બાંધવાનાં કામો તેમને મળી રહેતાં હશે; અને અહીં તેમને આજીવિકા મળવા ઉપરાંત કલા અને આવડત દેખાડવાનો પણ મોકો મળ્યો, તેથી જિનદેવને કારણ માની ભક્તિભાવથી પ્રેરાઈ એ સરલમના સૂત્રધારોએ પોતાના આત્મશ્રેયાર્થે જિનપ્રતિમા ભરાવી; મંત્રી પૃથ્વીપાલ પણ તેઓને તે માટેની પરવાનગી તો જ આપે જો એમની સાથે કોઈક પ્રકારનો ઘનિષ્ઠ સંબંધ હોય; જે આ સંયોગોમાં તેમના પ્રીતિપાત્ર સ્થપતિઓ હોવાના દાવે સંભવે છે. વળી સરસ્વતીની છતમાં તેઓએ પોતાની સૂત્રધારની હેસિયતથી કંડારાવેલ આરાધક મૂર્તિઓનું કૃત પણ સુસંગત તો જ ગણાય જો તેઓ આ વસહીમાં બાંધકામ સાથે સંકળાયેલા હોય. આ મુદ્દાઓ વિચારતાં ડા૦ શાહે કરેલી કલ્પનાને પૂરતું સમર્થન સાંપડી રહે છે[૪૫].

એમ જણાય છે કે મંત્રી પૃથ્વીપાલના સમયમાં તો અમુક જ દેરીઓ બની છે. આજે બધી જ દેરીઓના મૂળ પ્રતિષ્ઠાલેખો મોજૂદ નથી; પણ જેટલા છે એના આધારે એટલું કહી શકાય કે પ્રવેશની ડાબી બાજુથી શરૂ કરી ક્રમાંક ૯ સુધીની દેરીઓમાંની ઘણીખરીમાં સં૦ ૧૨૦૨ / ઈ૦ સ૦ ૧૧૪૬માં પ્રતિષ્ઠા થઈ છે; એટલે તે સૌ એ કાળમાં બની હોવી જોઈએ. ક્રમાંક ૧૦ સં૦ ૧૨૦૧ / ઈ૦ સ૦ ૧૧૪૫, દશરથ-હેમરથનો લેખ ધરાવે છે; જ્યારે ક્રમાંક ૧૧ ચાહિલ્લ સંતાનીય નરસિંહનો સં૦ ૧૨૦૦ / ઈ૦ સ૦ ૧૧૪૪નો લેખ ધરાવે છે. તે પછીની દેવકુલિકાઓ—૧૩, ૧૪, ૧૫ અને ૧૬—અનુક્રમે સં૦ ૧૧૧૯, ૧૧૮૬, ૧૧૩૧, અને ૧૧૪૧ના મંત્રી પૃથ્વીપાલના સમય પહેલાંના લેખો ધરાવે છે; અને તે સૌ એ વર્ષમાં પૂર્ણ થઈ હોવી જોઈએ, જ્યારે છેલ્લી ૫૪મી દેરી સં૦ ૧૨૨૨ / ઈ૦ સ૦ ૧૧૬૬માં બનેલી જણાય છે. વચ્ચે આવતી દહેરીઓ પૃથ્વીપાલના પુત્ર ધનપાલના સમયની છે (વિગતો માટે જુઓ નીચે તાલિકા)

| **દેવકુલિકા ક્રમાંક** | **જયંતવિજયજી લેખાંક ક્રમ** | **લેખની સાલ** | **મૂલનાયક-કારાપક** |
|---|---|---|---|
| ૧ | ૨૪ | સં૦ ૧૨૦૨ | પૃથક્-શ્રાવકો |
| ૨ | ૨૮ | સં૦ ૧૨૦૨ | પૃથક્-શ્રાવકો |
| ૩ | ૨૯ | સં૦ ૧૨૪૫ | (બાજુની મૂર્તિ) પૃથક્-શ્રાવકો |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૫ | ૩૪ | સં૰ ૧૨૦૨ | (સૂત્રધારો) |
| ૭ | ૪૦ | સં૰ ૧૨૦૨ | પૃથક્ શ્રાવક |
| ૯ | ૪૫ | સં૰ ૧૨૦૨ | પૃથક્ શ્રાવક |
| ૧૦ | ૫૧ | સં૰ ૧૨૦૧ | દશરથ-હેમરથ |
| ૧૧ | ૫૩ | સં૰ ૧૨૦૦ | વીરસંતાનીય નરસિંહ |
| ૧૧ | ૫૫ | સં૰ ૧૨૪૫ | (બાજુની મૂર્તિ) |
| ૧૩ | ૬૩ | સં૰ ૧૧૧૯ | શાંત્યમાત્યની પત્ની શિવાદેવી |
| ૧૪ | ૬૮ | સં૰ ૧૧૮૬ | |
| ૧૪ | ૭૨ | સં૰ ૧૨૦૬ | મંત્રી પૃથ્વીપાલના જીર્ણોદ્ધારનો લેખ |
| ૧૫ | ૭૪ | સં૰ ૧૧૩૧ | |
| ૧૬ | ૮૦ | સં૰ ૧૧૪૩ | બોહિત્થગણિ |
| ૨૩ | ૯૫ | સં૰ ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૪ | ૯૮ | સં૰ ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૫ | ૧૦૦ | સં૰ ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૬ | ૧૦૩ | સં૰ ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૭ | ૧૦૪ | સં૰ ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૮ | ૧૦૬ | સં૰ ૧૨૪૫ | મહામાત્ય ધનપાલ |
| ૨૯ | ૧૦૮ | સં૰ ૧૨૪૫ | જગદેવ |
| ૩૦ | ૧૦૯ | સં૰ ૧૨૪૫ | ધનપાલભાર્યા |
| ૩૨ | ૧૧૪ | સં૰ ૧૧૮૭ | પૃથક્ શ્રાવક |
| ૩૨ | ૧૧૫ | સં૰ ૧૨૪૫ | પૃથક્ શ્રાવક (બાજુની મૂર્તિ) |
| ૩૩ | ૧૧૮ | સં૰ ૧૨૪૫ | પૃથક્ શ્રાવક |
| ૩૪ | ૧૨૧ | સં૰ ૧૨૪૫ | દેવકુલિકા કરાવી |
| ૩૫ | ૧૨૪ | સં૰ ૧૨૪૫ | પૃથ્વીપાલનો પ્રતિહાર પુનચંદ્ર |
| ૩૮ | ૧૩૨ | સં૰ ૧૨૪૫ | પૃથક્ શ્રાવક |
| ૪૪ | ૧૪૭ | સં૰ ૧૨૪૫ | પૃથક્ શ્રાવકો |
| ૪૫ | ૧૫૦ | સં૰ ૧૨૪૫ | મંત્રી યશોવીર |
| ૪૬ | ૧૫૧ | સં૰ ૧૨૪૫ | મંત્રી યશોવીર (દ્વાર પર ખોદેલ લેખ અનુસાર) |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૪૭ | ૧૫૬ | સં૰ ૧૨૧૨ | પૃથક્ શ્રાવક |
| ૪૮ | ૧૫૯ | સં૰ ૧૨૧૨ | પૃથક્ શ્રાવક |
| ૪૯ | ૧૬૦ | સં૰ ૧૨૧૨ | પૃથક્ શ્રાવક |
| ૪૯ | ૧૬૧ | સં૰ ૧૨૧૨ | (ચતુર્વિંશતિપટ્ટ પર) |
| ૫૦ | ૧૬૩ | સં૰ ૧૨૪૫ | — |
| ૫૧ | ૧૬૬ | સં૰ ૧૨૧૨ | — |
| ૫૪ | ૧૭૧ | સં૰ ૧૨૨૨ | પૃથક્ શ્રાવક |
| ૫૪ | ૧૭૨ | સં૰ ૧૨૩૦ | પૃથક્ શ્રાવક (પ્રતિમાઓનાં તોરણ) |

આનો અર્થ એ થાય કે સં૰ ૧૨૦૦ / ઈ૰ સ૰ ૧૧૪૪થી લઈ સં૰ ૧૨૪૫ / ઈ૰ સ૰ ૧૧૮૭ સુધીના ૪૫ વર્ષના ગાળામાં મંત્રી પૃથ્વીપાલ અને તેમના પરિવાર અને પિતરાઈઓથી લઈ મંત્રી યશોવીર અને અન્ય શ્રાવકો દ્વારા ઉમેરવામાં આવેલી. આમાં પશ્ચિમ તેમ જ ઉત્તર બાજુની દેવકુલિકાઓ સં૰ ૧૨૪૫ પહેલાં બની નહોતી; તેથી રંગમંડપના ઓતરાદા પાર્શ્વાલિંદનું ભમતી સાથેનું સંધાન અને છાવણ ઈ૰ સ૰ ૧૧૮૭ પછી જ બન્યાં હશે. ત્યાંનાં વિતાનોની શૈલી પણ પૂર્વ અને ઉત્તર બાજુનાં વિતાનોની શૈલીથી અર્ધી સદી મોડો કાળ બતાવે છે. (ધનપાલના સમયના ઉત્તર તરફના બે વિતાનો અહીં ચિત્ર ૬ અને ૭માં રજૂ કર્યાં છે.)

વિમલવસહીના પ્રવેશદ્વારમાંથી બહાર નીકળી ઉપર જોઈએ તો આરસની ચાર નાયિકાઓથી શોભિત કાળા પથ્થરની એક નાભિચ્છંદ પ્રકારની છત જોવામાં આવે છે. આનું કામ વિમલના સમયનું જણાય છે[૪૪]. પૃથ્વીપાલના સમયની દેવકુલિકાઓની દીવાલો એને ટેકવે છે એ વાત કાલાતિક્રમ કરતી લાગે; પણ એમ જણાય છે કે જૂની છતને અહીં ફરીને ઉપયોગમાં લીધી હોય.

વિમલવસહીની સામે પૂર્વમાં એની હસ્તિશાલા આવેલી છે (ચિત્ર ૮), તેના વિશે હવે વિચારીએ. સાદા સ્તંભો વચ્ચે કાળા પથ્થરની ખંડયુક્ત જાળીવાળી દીવાલો ધરાવતી આ લંબચતુરસ્ર તલની નીચા ઘાટની હસ્તિશાલાને ચાર દ્વારો કરેલાં છે. પાયો નિર્બળ, છીછરો હોવાને કારણે એની દીવાલો ક્યાંક ક્યાંક ઝૂકી ગઈ છે. પૂર્વ દ્વારે બે મોટા દ્વારપાળો મૂકેલા છે (ચિત્ર ૮, ૯) અને અડીને જ બે કાળા પથ્થરના સ્તંભોવાળું તોરણ ઊભું કરેલું છે. તેમાં અર્ધચંદ્રાકાર ઇલ્લિકા ઘાટની વંદનમાલિકા હજુ સાબૂત છે. ઉપર ભારપટ્ટ પરના શ્યામ પાષાણના ઇલ્લિકાવલણમાં બેસાડેલી આરસની મૂર્તિઓમાંથી ઘણીખરી નષ્ટ થઈ ચૂકી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસ્તિશાલાની અંદર સામે જ વિમલમંત્રીની લેખ વિનાની અશ્વારૂઢ છત્રધારી મૂર્તિ છે. એ પ્રતિમા વિમલના સમયની લાગતી નથી. આ ઉપરાંત અહીં આરસના દશ હાથીઓ ગોઠવેલા છે. એમાંના સાત તો મંત્રી પૃથ્વીપાલે સં૰ ૧૨૦૪ / ઈ૰ સ૰ ૧૧૪૮માં પોતાના અને છ પૂર્વજો (નીના, લહર, વીર, નેઢ, ધવલ અને આણંદ) માટે કરાવેલા છે. બે હાથીઓ એમના પુત્ર ધનપાલે સં૰ ૧૨૩૭ / ઈ૰ સ૰ ૧૧૮૧માં ઉમેરેલા છે. છેલ્લા હાથીનો લેખ નષ્ટ થઈ ચૂક્યો છે. ગજારૂઢ પુરુષ મૂર્તિઓમાંની ઘણીખરીનો નાશ થયો છે. હસ્તિશાલાની વચ્ચે મંત્રી ધાધુકે વિ૰ સં૰ ૧૨૨૨ / ઈ૰ સ૰ ૧૧૬૬માં કરાવેલ આરસનું આદિનાથનું સમવસરણ ગોઠવેલું છે.

આ હસ્તિશાલાના રચનાકાળનો પણ એક જબરો કોયડો ઊભો થાય છે. આચાર્ય હરિભદ્રસૂરિની અગાઉ નિર્દેશિત બે કૃતિઓ ઉપરાંત **ચંદપ્પહચરિય(ચંદ્રપ્રભચરિત્ર)**ની પ્રાકૃતભાષાની પ્રશસ્તિમાં પૃથ્વીપાલે કરાવેલ પૂર્વજ પુરુષો સહિત સાત ગજારૂઢ મૂર્તિઓના ઉલ્લેખ તરફ દા૰ ઉમાકાંત શાહે ધ્યાન દોર્યું છે; પણ પ્રસ્તુત પ્રશસ્તિમાં તેના સ્થાન-નિર્દેશ હોવા છતાં હસ્તિશાલા કરાવી હોવાનું તદ્દન સ્પષ્ટ કહ્યું નથી. એટલે આ ઇમારત પૃથ્વીપાલે કરાવી નથી જ; પણ સમવસરણના ઈ૰ સ૰ ૧૧૬૬ જેટલા જૂના લેખમાં તો એને હસ્તિશાલા કહી જ છે[૪૭]. એટલે પૃથ્વીપાલે એના સમયના સાત હાથીઓ અત્યારે છે ત્યાં જ મુકાવ્યા હોવાનો સંભવ છે અને એ સમયથી આ રચના હસ્તિશાલા તરીકે પ્રસિદ્ધિમાં આવી હશે. વિમલ મંત્રીના સમયમાં તેનો ઉપયોગ કદાચ વિશ્રાંતિ યા આસ્થાન-મંડપ તરીકે થતો હોય.

હસ્તિશાલાની જાળીના ખંડોની ભીંતોમાં બારીકાઈ ન હોવા છતાં કોઈ કોઈ દાખલાઓમાં ભૂમિતિના સાદા પણ સમર્થ નિયોજનને કારણે આકર્ષકતા જરૂર દેખાઈ આવે છે. રૂપકામની વાત કરીએ તો અહીંના તોરણના સ્તંભોની મૂર્તિઓ ટોચાઈ જવાને કારણે હવે કલોપયોગી રહી નથી. સદ્ભાગ્યે એ સ્તંભની ઉપરની તુંડિકા પર પાછલી બાજુએ હોવાને કારણે ભંજકોથી બચી ગયેલી એક ચમરાનાયિકાની પ્રતિમાને અહીં ચિત્ર ૧૦માં રજૂ કરીશું. મૃણાલવલ્લીને સન્નિવેશિત કરી, એના આશ્રયે દ્વિભંગમાં સહસા સંસ્થિર બની, દક્ષિણ કમલકરાંગુલીઓ વતી ચમરને કલામય રીતે ગ્રહણ કરતી, જંઘા પર મૃદુતાથી સ્પર્શતી કટિસૂત્રની મુક્તાદામો અને રત્નખચિત કેયૂર, હાર અને હ્રીણમાલાથી શોભતી, શાંત રૂપમાધુરી રેલાવતા માર્દવભર્યા વિશાલ મુખને એકબાજુ વક્રભંગ કરી ઊભેલી આ ચામરધારિણી મંત્રીશ્વર વિમલના સમયનું અવશિષ્ટ રહેલું એક ઉત્તમ કલારત્ન છે[૪૮].

હસ્તિશાલા મંત્રીશ્વર વિમલના સમયની હોવાનું અનુમોદન, આપણને અન્ય ત્રણ પ્રમાણોથી પણ મળે છે. જેમકે (૧) જાળીઓનું પ્રાચ્યપણું; (૨) પૂર્વ દ્વારે જ જોવા મળતા દ્વારપાળોમાં દેખાતો ૧૧મી શતાબ્દીનો અંગભંગ, અને સારીયે (૩) રચના કાળા પથ્થરની હોઈ, કાળા ગર્ભગૃહ અને ગૂઢમંડપની તે સમકાલીન હોવી ઘટે. વસ્તુતયા થોડાં વર્ષ પહેલાં


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં થેયલી સાફસફાઈ બાદ આ હસ્તિશાળા મૂળે વિમલમંત્રીએ કરાવ્યો હશે તે નાના રંગમંડપ સરખો, પૂર્વ-પશ્ચિમે દ્વારવાળો 'આસ્થાનમંડપ' હોવાનું પ્રગટ થયું છે.

અને હવે આખરી પ્રશ્ન રહે છે હસ્તિશાલા અને વિમલવસહીના પ્રવેશચોકીને જોડતા પ્રવેશમંડપના કાળનો. આનો ઉત્તર મુનિશ્રી જયંતવિજયજીએ ચોક્કસ પ્રમાણ સાથે દઈ દીધો હોઈ તેમના શબ્દોમાં જ તે રજૂ કરી લેખની સમાપ્તિ કરીશું : "વિમલવસહી મંદિરના મુખ્ય દરવાજાની અને હસ્તિશાળાની વચ્ચે એક મોટો સભામંડપ છે. તે કોણે અને ક્યારે કરાવ્યો તે સંબંધી કાંઈ જાણી શકાયું નથી. હસ્તિશાળાની સાથે તો નહીં જ બન્યો હોય એમ લાગે છે; કારણ કે 'હીરસૌભાગ્ય મહાકાવ્ય' ઉપરથી જણાય છે કે—વિ૦ સં૦ ૧૬૩૯માં જગત્પૂજ્ય શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજી અહીં યાત્રા કરવા પધાર્યા, ત્યારે વિમલવસહીના મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતાં કઠેડાવાળી સીડી-દાદરો હતો. હસ્તિશાળા અને વિમલવસહીની વચ્ચેના સભામંડપનું તેમાં જરાપણ વર્ણન નથી. મંદિરના બીજા ભાગોના વર્ણન સાથે મુખ્ય દરવાજામાં પ્રવેશ કરતાં કઠેડાવાળા દાદરાનું વર્ણન આવે છે, તેથી જણાય છે કે—આ મંડપ વિ૦ સં૦ ૧૬૩૯ની પછી અને વિ૦ સં૦ ૧૮૨૧ની પહેલાં વચ્ચેના સમયમાં બનેલો છે."[૪૯] શૈલીની દૃષ્ટિએ સભામંડપનો વિતાન ૧૭મી સદી દર્શાવતો હોઈ સભામંડપ પણ ૧૭મીનો જ માનવો જોઈએ. આ મંડપની રચના વર્ષાઋતુ વખતે પડતી અગવડ દૂર કરવા માટે થઈ હશે તેમ લાગે છે. મંડપ સાદો અને લાલિત્યવિહોણો હોઈ તે અંગે કશું કહેવાપણું રહેતું નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


વીરમંત્રી
મહામાત્ય નેઢ
દંડનાયક વિમલ (ઈ. સ. ૧૦૩૨)
ચાહિલ્લ
ધવલ
લાલિગ
પદ્માવતી=આણંદ=સલૂણા
નાના
મહિંદુ
રાણક
મંત્રી પૃથ્વીપાલ=નામલદેવી
(ઈ. સ. ૧૧૪૫-૧૧૫૦)
હેમરથ
દશરથ
(ઈ. સ. ૧૧૪૫)
નરસિંહ
(ઈ. સ. ૧૧૪૪)
અભયસિંહ
જગદેવ
મંત્રી ધનપાલ
(ઈ. સ. ૧૧૮૯)
જેતલદે=જગસિંહ
લખમસિંહ
કુરસિંહ
ભાણ
(ઈ. સ. ૧૩૩૮)

ટિપ્પણો :

૧. લૂણવસહિકાનો મોટો ભાગ સં૦ ૧૨૮૭ / ઈ૦ સ૦ ૧૨૩૧માં બંધાઈ ચૂકેલો અને તે સાલમાં મૂળનાયકની તેમ જ કેટલીક દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠા થઈ ચૂકેલી. બાકીનું કામ ઈ૦ સ૦ ૧૨૪૦ સુધી ચાલેલું જણાય છે (જુઓ મુનિરાજ શ્રી જયંતવિજયજી, **શ્રી અર્બુદ-પ્રાચીન-જૈન લેખ સંદોહ** (આબૂ-ભાગ બીજો), ઉજ્જૈન વિ૦ સં૦ ૧૯૯૪,માં અપાયેલા લૂણવસતિના લેખો.)

૨. જયંતવિજયજી, દત્તાત્રય રામકૃષ્ણ ભંડારકર, Percy Brown, ત્રિપુટી મહારાજ, ઇત્યાદિ લેખકોનાં લેખન એવી છાપ મૂકી જાય છે. અહીં લંબાણભયે મૂળ સંદર્ભો આપીશ નહીં.

૩. વિમલવસહી વિશે તેઓ *Kāvyānuśāsana* by Ācārya Hemacandra, Vol.II, Part 1,"Introduction", p. CXLIX-1149(Bombay 1938, 3rd ed.)માં લખતાં અવલોકે છે કે : "This temple is known after him (Vimala) as Vimalavasahi...It appears that the construction of the whole temple was not finished in Vimala's life-time; for the raṅga-maṇḍapa according to the P.P.S. (Purātanaprabandha-Saṅgraha) was made by his son Cāhila (p. 152). According to the N.N.C.P (Neminātha carita praśasti), however, it was constructed by his grandson Pṛthvīpāla in the region of Kumārapāla."

Colophon of an Apabhraṁśa work called Nemināthacariü of one Haribhadrasūri who completed the work in V.S. 1216 (=A.D. 1160) in the residence provided by Minister Pṛthvīpāla in the reign of Kumārapāla, p. CIII (K. S. Vol. *II, "Intro"*). (મંત્રી પૃથ્વીપાલ વિમલના નહીં પણ વિમલના વરિષ્ઠ બંધુ નેઢના પ્રપૌત્ર હતા.)

૪. દા૦ પરીખના ઉપર્યુક્ત પુસ્તક બાદ છપાયેલાં વિમલવસહી પરનાં (મારા સહિતનાં) લેખનોનું અવલોકન આ વિધાન કરવા પ્રેરે છે.

૫. *See* U. P. Shah, "Introduction", *Holy Mt. Abu* by Munishri Jayantavijayaji, Bhâvnagara 1954, pp. iii-vi :

"The famous *sabhāmaṇḍapa* of Vimala-vasahi with its wonderful lotus pendent in the main ceiling and figures of the sixteen Vidyādevīs, was either rebuilt or newly added by Pṛthvīpāla, a minister of Kumārapāla in C. 1204-06 V.S. (1148-1150 A. D.), i. e., at least 116 years after the erection of the shrine by Vimala." "In an adjacent smaller dome, in one of the porticos, is a figure of Sarasvatī having on each side a male worshipper standing on a lotus...with his name inscribed below...showing that the two figures represent two artists, *Sūtradhāra Kelā* (with a measuring rod in hand) on the left of Sarasvatī and *Sūtradhāra Loyaṇa* (with folded hands on the right of the goddess) who must be identified as the chief architect and sculptor (respectively) of this maṇḍapa. The figures of

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Vidyādevīs, in the main ceiling of the Maṇḍapa, alike in style to that of the Sarasvatī image or of the Lakṣmī in the corresponding dome of the Portico on the other side of the Raṅgamaṇḍapa, as also the many-armed goddesses in the corridor-ceiling of this shrine, belong to the same style and age, which must be of Kumārapāla. The inference is further supported by a study of figure sculptures on the outer walls of the Jaina shrines at Jālor fort and Tāraṅgā, built by Kumārapāla which show the same style in figure sculpture."

"Pṛthvīpāla, the minister of Kumārapāla, was a descendent of Neḍha, the brother of Vimala Sāha. An inscription on the wall of cell 14, Vimala vasahī (*see* Abu, Vol.II, inscription no. 72) states that Pṛthvīpāla, the son of Ānanda, did the tīrthoddhāra (extensive repairs and conservation) of this shrine in V. S. 1206 (c. 1150 A. D.). It is, therefore, natural to expect sculptures of the age of Kumārapāla in the shrine erected by Vimala, the Daṇḍanāyaka of Bhīma I. Fortunately, reliable contemporary literary evidence, supporting our inferences, is preserved in the Praśastis of three unpublished works of Haribhadra Sūri whose writing activity was patronised by Pṛthvīpāla. According to the *Candraprabha-caritra*-praśastis of Haribhadrasūri (Ms. at Pāṭaṇa), Pṛthvīpāla erected a big lovely Maṇḍapa (in this shrine) with figures of his ancestors riding on elephants. The relevant passage is as under :-

ता अब्बुयगिरिसिरि नेढ-विमलजिणमंदिरे करावेउं ।
मंडयमइब्वजणयं मज्झे पुणो तस्स ।
विलसिरकरेणुयाणं संवसपुरिसुत्तमाण मुत्तीओ ।
विहिउं च संघभत्ति बहुपुत्थय-वत्थदाणेण ॥

Obviously, this refers to the erection of the Hastiśālā in front of the Vimala Vasahī. Now, in his Mallinātha-caritra-Praśasti, the same author replaces पुरओ पुणो तस्स for मज्झे पुणो तस्स in the above verse. This reading would show that Pṛthvīpāla erected a very beautiful Maṇḍapa in the shrine and a Hastiśālā in front of it. Another work, Neminātha-cariu, also composed by this author, but in the Apabhraṁśa, contains a Praśasti at the end, eulogising the family of Pṛthvīpāla and giving us the same type of historical data as the other two Praśastis in Prākrit. A manuscript of this work is preserved in the Jaina collections at Jesalmer. Here the author says :-

तेण अब्बुयगिरिहिं सिरिविमलनिम्माविय जिणभवणि असमख्खु मंडवु कराविवि तसु पुरउ करेणुगय सत्त मुत्ति पुव्वयहं ठाविवि ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

In none of the Praśastis is it said that Pṛthvīpāla repaired the old Maṇḍapa. It is, therefore, safer to assume that this wonderful Maṇḍapa was a work of the age of Kumārapāla. As stated above, a study of the art-style of the sculptures points to the same conclusion. Incidentally, we might note that Sutradhāra Kelā and Suttradhāra Loyaṇa, attending upon Sarasvatī, noted above, must be regarded as the architect and sculptor of this famous maṇḍapa."

૬. જુઓ જયંતવિજયજી, **શ્રી અર્બુદ૦**, પૃ૦ ૩૭, લેખાંક ૬૩. આ શાંત્યમાત્ય તે કર્ણદેવના મહામાત્ય તરીકે જાણીતા સાંતૂમંત્રી છે કે નહીં તે અંગે અન્યત્ર ચર્ચા કરવા વિચાર્યું છે.

૭. જુદા જુદા મૂળ ગ્રંથોનો સંદર્ભ આપી ત્રિપુટી મહારાજે આ સૌ કથાનકોનો સાર આપ્યો છે તે જોઈ લેવો : **જૈન પરંપરાનો ઈતિહાસ**, ભાગ બીજો, અમદાવાદ ૧૯૬૦, પૃ૦ ૧૮૧-૮૩.

૮. द्वितीयको द्वैतमतावलंबी **दंडाधिपः श्रीविमलो** बभूव ।
येनेदमुच्चैर्भवसिंधुसेतुकल्पं विनिर्मापितमत्र **वेश्म** ॥७॥
—**श्री अर्बुद०**, પૃ૦ ૨૬, લેખાંક ૫૧.

૯. **શ્રી અર્બુદ૦**, પૃ૦ ૧૯-૨૦, લેખાંક ૩૪.

૧૦. अथान्यदा तं निशि दंडनायकं
समादिदेश प्रयता किलांबिका ।
इहा(चि?च)ले त्वकुरुसद्म सुंदरं ।
**युगादिभर्तुर्निरपयास** श्रयः ॥१०॥

श्रीविक्रमादित्यनृपाद् व्यतीते
ऽष्टाशीसीयाते(युक्ते) शरदां सह(श्रे ?स्रे) ॥
**श्रीआदिदेवं** शिखरे[ऽ]**र्बुदस्य**
निवे(सि?शि)तं श्री(रि?**वि** )**मलेन** वंदे ॥११॥
—**श्री અર્બુદ૦**, પૃ૦ ૩, લેખાંક ૧.

૧૧. वैक्रमे वसुवस्वाशा(१०८८)मितेब्दे भूरिरैव्ययात् ।
सत्प्रासादं स **विमलवसत्याह्नं** व्यधापयत् ॥४०॥

અને

अस्योद्धारं द्वौ शकाब्दे वह्निवेदार्क्कसंमिते(१२४३) ॥४८॥
(સં૰ મુનિ જિનવિજય, સિંધી જૈન ગ્રંથમાલા, શાંતિનિકેતન ૧૯૩૫, પૃ૦ ૧૧૬)

૧૨. विक्रमादित्यात् सहस्रोपरिवर्षाणामष्टाशीतौ गतायां चतुर्भि सूरिभि**रादिनाथं** प्रत्यतिष्ठिपत् । **विमलवसतिः** इति प्रासादस्य नाप [दत्तम्] । (સં૦ જિનવિજયમુનિ, શાંતિનિકેતન ૧૯૩૫, પૃ૦ ૧૨૧.)

૧૩. श्रीविक्रमादित्यनृपाद्व्यतीतेऽष्टाशीतियाते शरदां सहस्रे ।
**श्रीआदिदेवं** शिखरेऽ**र्बुदस्य** निवेशितं **श्रीविमलेन** वन्दे ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સં૰ જિનવિજયમુનિ, કલકત્તા ૧૯૩૬, પૃ૰ ૫૧. કાળ માટે જુઓ એજન પૃ૰ ૧૧.)

૧૪. આમાં સં૰ ૧૦૮૮માં રત્નસૂરિએ પ્રતિષ્ઠા કરી એમ જણાવ્યું છે (જુઓ મોહનલાલ દલીચંદ દેશાઈ : **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ,** મુંબઈ ૧૯૩૨, પૃ૰ ૨૧૦, ટિપ્પણ ૨૨૪). મૂળ ગ્રંથ મને સંદર્ભાર્થે ઉપલબ્ધ નથી બન્યો. દેશાઈ પોતાના "વિમલમંત્રી અને તેની વિમલવસતિ" વક્તવ્યના પ્રારંભે અંબિકાના આદેશથી વિમલમંત્રીએ સં૰ ૧૦૮૮માં પ્રાસાદ બનાવ્યાને લગતો શ્લોક ટાંક્યો છે, પણ તે કયા ગ્રંથમાંથી તેમણે લીધો છે તે જણાવ્યું નથી :

श्रीमान् गौर्जर**भीमदेवनृपते**र्धन्यः प्रधानाग्रणीः
प्राग्वाटान्वयमंडनः स **विमलो मंत्रिवरो**ऽप्यस्पृहः ।
योऽष्टाशीत्यधिके सहस्रगणिते संवत्सरे वैक्रमे
प्रासादं समचीकरच्छशिरुचि श्रीअंबिकादेशतः ॥

૧૫. આ ગ્રંથની મિતિ મને દા૰ ભોગીલાલ સાંડેસરા તરફથી મારી પૃચ્છાના ઉત્તરમાં મળી છે, જેનો અહીં સાભાર ઉલ્લેખ કરું છું.

૧૬. આ ગ્રંથ પણ જોવા નથી મળ્યો. અહીં કરેલી નોંધનો આધાર ત્રિપુટી મહારાજ છે.

૧૭. જયંતવિજયજી કહે છે : "મહામંત્રી વિમલશાહે ક્રોડો રૂપિયા ખર્ચીને જગતમાં કોઈ પણ તેની બરાબરી ન કરી શકે એવું આ વિમલ-વસહી નામનું ભવ્ય મંદિર બંધાવ્યા છતાં અને પોતે ગુજરાતના મહારાજા ભીમદેવ(પહેલા)ના પ્રેમપાત્ર મુખ્ય સેનાપતિ હોવા છતાં આ મંદિરની અંદર પ્રશસ્તિ તરીકે પોતાના નામનો એક અક્ષર પણ ખોદાવ્યો નથી..." (**શ્રી અર્બુદ૰,** પૃ૰ ૨૮૯.) પણ મને લાગે છે કે મૂળ પ્રશસ્તિલેખ અને મૂળ પ્રતિમાનું મોટે ભાગે લેખ ધરાવતું હશે તે પબાસણ નષ્ટ થયાં છે.

૧૮. દેશાઈ, પૃ૰ ૨૧૧, ટિ. ૨૨૪.

૧૯. આ અંગે એક બહુ જ નાનકડું પ્રમાણ ઉપલબ્ધ છે, જે વિશે અહીં 'હસ્તિશાલા' અંગે ચર્ચા કરતી વેળાએ વિશેષ કહીશું.

૨૦. આબૂ પર શિલ્પીઓ અને સ્થપતિઓની શ્રેણીઓ સ્થિર થઈ વસી રહી હોવાનો સંભવ ઘણો જ ઓછો છે. સ્થપતિઓને અવિરત આશ્રય ત્યાં પહાડ પર તો ક્યાંથી સાંપડે ? વિમલવસહીની રચના સમયે તક્ષણકારો ક્યાંથી આવ્યા હશે તેનો વિચાર કરતાં એક જ સ્થાન હૈયે ચઢે છે : ચંદ્રાવતી. ચંદ્રાવતી અર્બુદમંડલની રાજધાની હોવા ઉપરાંત એક મહાન કલાસ્તોત્ર હોવાનું ત્યાંનાં ખંડેરોના કાટમાળની કલા પરથી કહી શકાય છે.

૨૧. "આબૂ ઉપરનાં મંદિરોનાં શિખરો નીચાં હોવાનું ખાસ કારણ એ છે કે અહીં લગભગ છ છ મહિને ધરતીકંપ થયા કરે છે. તેથી ઊંચાં શિખરો હોય તો જલદી પડી જવાનો ભય રહે, માટે શિખરો નીચાં કરાવવામાં આવ્યાં હોય એમ જણાય છે."

—(જયંતવિજયજી, **આબૂ,** ભાગ પહેલો, પૃ૰ ૩૪.)

૨૨. દેલવાડામાં વિમલવસહીની પાસે ઈ૰ સ૰ ૧૪૫૯માં બંધાયેલ ચતુર્મુખ મંદિર તેમ જ અચલગઢનું ચૌમુખ મંદિર (ઈ૰ સ૰ ૧૫૧૦) તો મજલાવાળાં અને પ્રમાણમાં ઠીક ઠીક ઊંચાં છે !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩. આ અંગે જયંતવિજયજી આ પ્રમાણે અવલોકે છે : "આ વિમલવસહી મંદિરની અપૂર્વ શિલ્પકળા અને વર્ણન ન કરી શકાય એવા પ્રકારની આરસની અંદર કરેલી બારીક કોતરણીનું આ ઠેકાણે વર્ણન કરવું નકામું છે. કારણ કે મૂલ ગભારો અને ગૂઢમંડપ સિવાયના બીજા બધા ભાગો લગભગ જેવી ને તેવી જ સ્થિતિમાં વિદ્યમાન હોવાથી વાચકો અને પ્રેક્ષકો સાક્ષાત્ ત્યાં જઈને તે સંબંધી ખાતરી કરવા સાથે આનંદ મેળવી શકે તેમ છે." (**આબૂ**, ભાગ પહેલો, પૃ૦ ૩૨).

૨૪. "અહીંનાં મુખ્ય બન્ને મંદિરોમાં દર્શન કરનારને સ્વાભાવિક રીતે આવી શંકા ઉત્પન્ન થાય કે દેરીઓમાં પણ આવી અપૂર્વ કોતરણી છે તે મંદિરોનો અંદરનો ભાગ (ખાસ મૂલગભારો અને ગૂઢમંડપ) બિલકુલ સાદો કેમ ? અને શિખરો સાવ નીચાં—બેઠા ઘાટનાં કેમ ? વાત ખરી છે કે જે મંદિરોના બહારના ભાગમાં આવું સુંદર કામ હોય તેના ખાસ મૂલગભારા અને ગૂઢમંડપો તદ્દન સાદા હોય અને શિખરો સાવ નીચાં હોય, તે બનવાયોગ્ય નથી. પરંતુ તેમ હોવામાં ખાસ કારણ છે અને તે એ છે કે તે બન્ને મંદિરો બંધાવનાર મંત્રીવરોએ તો મંદિરોના અંદરના ભાગો બહારના ભાગો કરતાં પણ અધિક સુંદર નકશીદાર અને સુશોભિત કરાવ્યા હશે. પરંતુ સંવત્ ૧૩૬૮માં મુસલમાન બાદશાહે આ બન્ને મંદિરોનો ભંગ કર્યો ત્યારે આ બન્ને મંદિરોના મૂલ ગભારા, ગૂઢમંડપો, ભગવાનની બધી મૂર્તિઓ અને બન્ને હસ્તિશાળાની ઘણીખરી મૂર્તિઓનો સાવ નાશ કરી નાખ્યો હશે એમ લાગે છે; તેમ જ મૂલ ગભારો અને ગૂઢમંડપથી બહારના ભાગની કોતરણીમાંના પણ થોડા ભાગને નુકસાન પહોંચાડ્યું હોય તેમ જણાય છે. આવી રીતે ભંગ થયા બાદ પાછળથી આ બંને મંદિરોનો જીર્ણોદ્ધાર થયેલો હોવાથી અંદરનો ભાગ સાદો બનેલો જણાય છે." (**આબૂ**, ભાગ પહેલો, પૃ૦ ૩૩)

૨૫. "દંતકથા છે કે આ મૂર્તિ વિમલમંત્રીએ આ મંદિર બંધાવતાં પહેલાં એક સામાન્ય ગભારો બનાવીને તેમાં વિરાજમાન કરી હતી, કે જે ગભારો અત્યારે વિમલવસહીની ભમતીમાં વીસમી દેરી તરીકે ગણવામાં આવે છે. આ મૂર્તિ શ્રી ઋષભદેવ ભગવાનની છે, પરંતુ લોકો વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામિની કહે છે. આ મૂર્તિ અહીં સારા મુહૂર્તમાં સ્થાપન થયેલી હોવાથી અને મૂલનાયકજી તરીકે બિરાજમાન કરવા માટે વિમલ મંત્રીશ્વરે ધાતુની નવી સુંદર મૂર્તિ કરાવેલી હોવાથી આ મૂર્તિને અહીં જ રહેવા દીધી." (જયંતવિજયજી, **આબૂ**, ભાગ પહેલો, ઉજ્જૈન ૧૯૩૩, પૃ૦ ૨૭ *Infra.*) (સરખાવો ત્રિપુટી મહારાજ, **જૈન પરંપરાનો**૦., પૃ૦ ૧૮૩.) આ પ્રતિમાનું ચિત્ર લેવા દેવાની મંદિરના સંચાલકો યાત્રિકો-પ્રવાસીઓને પરવાનગી આપતા નથી. એનું ચિત્ર મંદિરની સ્થાનિક 'ગાઇડ બૂક'માં છપાયેલું જોયાનું સ્મરણ છે.

૨૬. **વિવિધતીર્થ કલ્પ(કલ્પપ્રદીપ)**માં આ પ્રકારે નોંધાયેલું જોવા મળે છે :

कलयन् विमलां बुद्धिं **विमलो दण्डनायकः** ।
चैत्यमत्रर्षभस्याधात् पैत्तलप्रतिमान्वितम् ॥३६॥
आराध्याम्बां भगवतीं पुत्रसंपद्यस्पृहः ।
तीर्थस्थापनमभ्यर्थ्य चाम्पकद्रुमसन्निधौ ॥३७॥ ८

**—अर्बुदाद्रिपकल्पः** ।

પ્રબંધકોશકાર રાજશેખર પણ એવી જ મતલબનું કહે છે :

तत्तथेव दृष्ट्वा चम्पकद्रुमसन्निधौ तीर्थमस्थापयत् ।
पैत्तलप्रतिमा तत्र महती । (જુઓ જિનવિજય મુનિ, પૃ૦ ૧૨૧.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭. **શ્રી અર્બુદ૦**, લેખાંક ૫૩.

૨૮. આની તસવીર લઈ શકાઈ નથી.

૨૯. દેશાઈ, પૃ૦ ૨૧૧, ટિ૦ ૨૨૪; અને ત્રિપુટી મહારાજ, પૃ૦ ૧૮૪.

૩૦. આનો ઉલ્લેખ દા૦ પરીખે કર્યો છે (જુઓ અહીં પાદટીપ ૩).

૩૧. संवत् १२०० ज्येष्ठ वदि १ शुक्रे म. **वीरसंताने चाहिल्ल** सुत राणाक सत्सुत नरसिंहने कु[टुं]ब सहितेनात्म श्रेयाऽर्थे मुनिसुव्रत प्रतिमा कारितेति । प्रतिष्ठिता श्री नेमिचंद्रसूरिभिः ॥

—**શ્રી અર્બુદ૦**, લેખાંક ૫૩

૩૨. દેશાઈ, પૃ૦ ૨૧૫-૨૧૬.

૩૩. આ અંબિકાના ચિત્ર માટે જુઓ **આબૂ**, ભાગ પહેલો, પૃ૦ ૪૬ સામેની પ્લેઈટ. લેખ માટે જુઓ અગાઉ કહ્યો તે **શ્રી અર્બુદ૦**, લેખાંક ૫૩.

૩૪. અગાઉ આ બાબતમાં વિશેષ ચર્ચા ભવિષ્ય માટે રાખવાનો સંકલ્પ કરી મેં મારા "The Date of the Dancing Hall of the Sun temple, Modhera" (*Journal of the Asiatic Society of Bombay*, Vol. 38/1963 (NS), p. 216) અંતર્ગત તેનો આ રીતે પ્રથમ નિર્દેશ કરેલો : "The problem of the dates of the different components of Vimala vasahi has been immensely complicated by later renovations. The marble, now aged to a deep, lovely ivory-cream suffused with delicate and vivid hues of a rainbow, casts a subtle camouflage that successfully eludes the observer. To the Vimala's own heroic and glamorous personality, the tradition and legends liberally allowed all the credit of the marble splendours treasured in this temple, to gravitate. This explicit faith has now been shaken by recent researches on this world famous monument. Recent findings on the problem have in fact some revelations to make. The Main Shrine, the Closed Hall and the Hastiśālā certainly date from the time of Vimala. The authorship of the great Raṅgamaṇḍapa, the Devakulikās and the seven elephants inside the Hastiśālā goes, on unimpeachable contemporary literary authorities, supported by epigraphic evidence, to Pṛthvīpāla, minister of Kumārapāla, who completed this work round about A. D. 1150. The Vestibule and the two lateral porches of the Closed Hall, occupy an intermediate position in style, and attributed to the 3rd quarter of 11th century. Its authorship should go to Cāhilla, a brother of Vimala, as literary evidence ultimately points out."

૩૫. આ મંદિર વિશે હું અન્યત્ર સવિસ્તર ચર્ચી રહ્યો છું. વિમલવસહીવાળા સમાંતર શોભનનું ચિત્ર અહીં તસવીર બગડી જવાને કારણે રજૂ કરી શકાયું નથી.

૩૬. વિગતોમાં થોડો થોડો ફરક છે પણ શૈલી સાધારણ રીતે એક જ કાળની હોવાનું જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭. જુઓ અહીં પાદટીપ ક્રમાંક ૩ તથા ૫.

૩૮. જુઓ અંબાલાલ પ્રેમચંદ શાહ, **જૈન તીર્થ સર્વસંગ્રહ,** ભાગ પહેલો, ખંડ બીજો, પૃ૦ ૧૭૫ : (પાલીનો મંત્રી પૃથ્વીપાલનો શિલાલેખ). મંત્રીશ્વરનાં સુકૃતોનું વર્ણન હરિભદ્રસૂરિની ગ્રંથપ્રશસ્તિઓમાં અપાયેલું છે.

૩૯. સં૦ ૧૨૦૬ ॥

श्री **शीलभद्रसूरि**णां शिष्यैः **श्रीचंद्रसूरि**भिः ।
विमलादिसुसंघेन युतैस्तीर्थमिदं स्तुतं ॥
अयं तीर्थसमुद्धारोऽत्यद्भुतोऽकारि धीमता ।
**श्रीमदानंदपुत्रेण श्रीपृथ्वीपालमंत्रीणा** ॥

—**શ્રી અર્બુદ૦,** ભાગ બીજો, લેખાંક ૭૨.

૪૦. ડૉ૦ ઉમાકાંત શાહે કે કોઈ અન્ય વિદ્વાને આ તીર્થોદ્ધાર પાછળ કોઈ મુસ્લિમ આક્રમણ હોવાનું લખ્યું હોવાનું આછું આછું સ્મરણ ઝબકે છે, પણ તે અંગેનો કોઈ સંદર્ભ આ પળે હૈયે ચઢતો નથી.

૪૧. લંબનનો ઘાટ અમુક અંશે કુંભારિયાના મહાવીર જિનાલયના રંગમંડપના વિતાનની લંબન સાથે નાતો ધરાવે છે.

૪૨. જુઓ **શ્રી અર્બુદ૦,** લેખાંક ૭૪, ૮૦, ૬૮ અને ૧૧૪.

૪૩. આના કલાવિવેચન માટે જુઓ J. M. Nanavati and M. A. Dhaky, "The Ceilings in the Temples of Gujarat," *Bulletin, Museum and Picture Gallary, Baroda,* Vol. XVI-XVII, 1963, p. 75.

૪૪. જુઓ અહીં પાદટીપ ક્રમાંક ૫, તેમ જ *Holy Abu,* Pl. [23].

૪૫. ડાબી બાજુથી આવી બીજી છતમાં ગજલક્ષ્મી કંડાર્યાં છે, પણ તેમાં સૂત્રધારોને બદલે ચામરધારિણીઓ કોરી છે. પદ્માસના, ચંદ્રાનના, મંગલમયી ઇન્દિરાની આ પ્રતિમા મંત્રી પૃથ્વીપાલના સમયની, મંદિરમાંની શ્રેષ્ઠ કૃતિ છે. (*See Holy Abu,* Pl. [24]).

૪૬. તેમાં મુકાયેલી નાયિકાઓનાં આરસી રૂપો અલબત્ત પછીના કાળનાં જણાય છે.

૪૭. સં૦ ૧૨૧૨ ज्येष्ठ वदि ८ **भोमे** श्री **कोरंटगच्छे** श्री **नन्नाचार्य**संताने श्री **ओशवंशे** मंत्रि धाधुकेन श्री **विमलमंत्रिहस्तिशालायां** श्री **आदिनाथसमवसरणं** कारयांचक्रे श्री**कक्क**सूरिभिः प्रतिष्ठितं । **वेलापल्ली** वास्तव्येन ।

**શ્રી અર્બુદ૦,** લેખાંક ૨૨૯.

૪૮. આની તસવીર શ્રી અમૃતલાલ ત્રિવેદી (સોમપુરા) તરફથી પ્રાપ્ત થઈ છે, જે અહીં તેમના સૌજન્યથી પ્રગટ કરું છું.

૪૯. શ્રી જયંતવિજયજી, **આબૂ,** ભાગ પહેલો, પૃ૦ ૮૮-૮૯.

• • •



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org